# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-07-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## શુભાંશુ શુક્લા આજે પૃથ્વી પર પાછા ફરશે:

અવકાશમાં 17 દિવસ વિતાવ્યા બાદ, ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આજે પૃથ્વી પર પાછા ફરશે. આ પહેલા ગઈકાલે સાંજે વિદાય સમારંભમાં, તેમણે 1984 માં ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્મા દ્વારા આપવામાં આવેલા પ્રતિષ્ઠિત સંવાદનું પુનરાવર્તન કર્યું અને કહ્યું - ભારત આજે પણ સારે જહાં સે અચ્છા છે.

તેમણે કહ્યું- જ્યારે મેં 25 જૂને ફાલ્કન 9 રોકેટ પર આ યાત્રા શરૂ કરી હતી, ત્યારે મને નહોતું લાગતું કે આ યાત્રા આટલી અદ્ભુત હશે. મારી પાછળ ઉભી રહેલી ટીમ વિના આ યાત્રા આટલી અદ્ભુત ન હોત. અહીં આવવાનો ખૂબ આનંદ છે.

શુભાંશુએ કહ્યું કે છેલ્લા અઢી અઠવાડિયામાં, અમે સ્પેસ સ્ટેશન પર વિજ્ઞાન પ્રવૃત્તિઓ અને આઉટરીચ પ્રવૃત્તિઓ કરી. ત્યારબાદ, અમને જે પણ સમય મળ્યો, અમે સ્પેસ સ્ટેશનની બારીમાંથી પૃથ્વી તરફ જોયું છે.

-----------------------------------------------------------------------------------------------

## રેલવે તમામ કોચમાં સીસીટીવી કેમેરા લગાવશે:

પેસેન્જર કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાના પ્રાયોગિક પરિણામના આધારે, રેલવેએ તમામ કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લીધો છે. આ પગલાથી મુસાફરોની સુરક્ષામાં નોંધપાત્ર સુધારો થશે. મુસાફરોની ગોપનીયતા જાળવવા માટે, દરવાજા નજીકના સામાન્ય અવરજવર વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે.

કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી રવનીતસિંહ બિટ્ટુએ લોકોમોટિવ અને કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાની પ્રગતિની સમીક્ષા કરી.

રેલવે અધિકારીઓએ માહિતી આપી હતી કે ઉત્તર રેલવેના લોકોમોટિવ એન્જિન અને કોચમાં સફળ પરીક્ષણો કરવામાં આવ્યા છે. કેન્દ્રીય રેલવે મંત્રીએ તમામ 74,000 કોચ અને 15,000 લોકોમોટિવમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે મંજૂરી આપી હતી.

---

## રાજ્યમાં વરસાદને પગલે રોડ રસ્તા સમારકામની સ્થિતિ:

ચોમાસામાં ભારે વરસાદને પગલે રાજ્યના ઘણા વિસ્તારોમાં રોડ-રસ્તાઓને ભારે નુકસાન થયું છે. રાજ્યના નાગરિકોને ખરાબ રસ્તાઓના કારણે કોઈ મુશ્કેલી ન પડે તે હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચના મુજબ રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે ક્ષતિગ્રસ્ત રસ્તાઓના સમારકામની કામગીરી પૂર્ણ કરીને પૂર્વવત કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત રાજ્યના ક્ષતિગ્રસ્ત રસ્તાઓના માઈનોર પેચવર્ક ૫૧ ટકા અને મેજર પેચવર્ક ૪૦ ટકા જેટલા પૂર્ણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રસ્તાઓમાં પડેલા માઇનર પોટહોલ્સ-ખાડા પૂરવાની કામગીરી પણ ૬૨ ટકાથી વધુ પૂર્ણ કરવામાં આવી છે.

---

## સર્જક સાથે સંવાદ રીલ સ્પર્ધાની પસંદગી:

ગુજરાત પ્રેસ અકાદમી અને પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ-જૂનાગઢ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત સર્જક સાથે સંવાદ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ ખાતે રીલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીલ મેકિંગ સ્પર્ધામાં જિલ્લા માહિતી કચેરી ભુજના ફોટોગ્રાફર રાજેશભાઈ ડુંગરાણીએ પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધા માહિતી ખાતાના સૌરાષ્ટ્ર કચ્છ રાજકોટ રિજિયન અને જૂનાગઢ રિજિયનના કુલ ૧૨ જિલ્લાઓ વચ્ચે યોજાઈ હતી.

રાજેશભાઈ ડુંગરાણીએ કચ્છની ઓળખ એવી કચ્છી શાલની કારીગરી વિષય પર રીલ બનાવી હતી જેને પ્રથમ ક્રમાંક મળ્યો છે. આ બહુમાન બદલ રાજકોટ ખાતે મોમેન્ટો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

---

## જિલ્લામાં  વરસાદને પગલે ડેમોમાં જળ સંગ્રહની સ્થિતિ:

જીલ્લામાં જૂન માસમાં સરેરાશ કરતાં ત્રણ ગણો વરસાદ વરસ્યા બાદ સાર્વત્રિક મેઘકૃપાએ  પગલે મધ્યમ સિંચાઈના ડેમોમાં ઉપલબ્ધ જળનો જથ્થો ૫૫ ટકાએ પહોંચ્યો છે. એટલ કે વરસાદને લીધે ડેમોમાં જળનો જથ્થો 34 ટકા જેટલો વધ્યો છે.  સિંચાઈ વિભાગમાંથી મળેલી વિગત અનુસાર મધ્યમ સિંચાઈ યોજનાના 20 ડેમમાં 325.26 મિલિયન કયુબિક ફીટની કુલ જળસંગ્રહ  ક્ષમતા સામે હાલ 180.94 મિલિયન કયુબિક ફીટ પાણીનો જથ્થો સંગ્રહિત છે, જેમાંથી 154 મિલિયન કયુબિક ફીટ જીવંત જથ્થો છે. જિલ્લામાં અત્યાર સુધી છ ડેમ ઓવરફલો થયા છે, જ્યારે ત્રણ ડેમ એવા છે કે જેમાં 75 ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોતાં એલર્ટ પર રાખવામાં  આવ્યા છે.  નવ ડેમને હાઈએલર્ટ અને એલર્ટ પર રખાયા

જ્યારે જિલ્લાના ચાર ડેમ એવા પણ છે કે, જેમાં હાલની સ્થિતિએ 30 ટકાથી ઓછા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

---

## નિરોણા નજીક કાડિયા ધ્રોમાં યુવાન ડુબી જતા શોખોળ જારી:

નખત્રાણા તાલુકાના નિરોણા નજીક આવેલ કડીયા ધ્રોમાં ગઈકાલે ભુજનો યુવાન ડૂબી જતા શોધખોળ શરૂ કરાઈ હતી. યુવાન ડૂબ્યો હોવાની જાણ થતા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.અને સ્થાનિકે પહોચેલા લોકો સાથે યુવાનની શોધખોળ આદરી હતી. નગરપાલિકાને પણ આ મામલે જાણ કરી દેવાઈ છે અને મોડી રાત્રે પણ તપાસ ચાલુ હતી.

---

## ક્રિકેટ:

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની લંડનના લોર્ડ્ઝ મેદાન પરની ત્રીજી ટેસ્ટ મેચ રસપ્રદ અને નિર્ણાયક તબક્કે પહોંચી છે ચોથા દિવસ ની રમતને અંતે ઇંગ્લેન્ડના 192 રનના જવાબમાં ભારતે 4 વિકેટ ગુમાવી 58 રન કર્યા છે. 193 રનનાં વિજયી લક્ષ્યાંકને પાર કરવા ભારતે હજુ 135 રન કરવાના છે અને 6 વિકેટ અકબંધ છે. બન્ને દેશોએ પહેલા દાવમાં એક સરખા 387 રન કર્યા છે.

---